# શહેરમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ

**ગાઢ ધુમ્મસથી મોસમનો નઝારો બદલાયો : માર્ગો પર છવાયેલા ગાઢ ધુમ્મસના લીધે વાહનચાલકો દિશા ભટક્યા : બમ્પ પણ દેખાયા નહીં : મોર્નિંગ વોક કરનારાઓએ નઝારો માંણ્યો : શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ હાલાકી : વિચિત્ર મોસમની અસરથી જનજીવન પ્રભાવિત**



ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં ઠંડીની મોસમ હજુ જોઈએ તેવી નિખરી નથી પરંતુ ગઈકાલે મોડીસાંજે સર્જાયેલા નાટયાત્મક હવામાન પલ્ટા બાદ મોસમનો મિજાજ આજે સવારે પણ કાંઈ અનોખો જોવા મળ્યો હતો. આજે વહેલી સવારથી વાતાવરણમાં ગાઢ ધુમ્મસ છવાયેલુ રહેતા માર્ગ પર થોડા અંતરે પણ વિઝન સ્પષ્ટ જોઈ શકાય તેવી સ્થિતિ ન હતી. વાહનચાલકો પણ આ સ્થિતિ વચ્ચે અકસ્માતનો ભોગ બન્યા હતા. જયારે સ્કુલ વર્ધિના વાહનોએ પણ જોખમી સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો હતો. વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ અને નોકરીયાતો પણ આ ધુમ્મસથી વિશેષ પ્રભાવિત થયા હતા. નગરના જનજીવન પર ગાઢ ધુમ્મસની વિપરિત અસર વર્તાઈ હતી. માર્નિંગ વોક કરનારાઓએ મોસમનો આ નઝારો માંણ્યો હતો. દિવસ દરમિયાન ધુમ્મસિયુ વાતાવરણ ટોક ઓફ ધ ટાઉન રહ્યુ હતુ.

શહેરમાં ગઈકાલે સર્જાયેલા નાટયાત્મક હવામાન પલ્ટાના અંતે આજે વહેલી સવારથી જ શહેરમાં ગાઢ ધુમ્મસ છવાયેલુ રહ્યુ હતુ. હરિયાળા નગરમાં ધુમ્મસના લીધે નગરનો નઝારો બદલાયો હતો. ધુમ્મસના લીધે વાહનચાલકોને બહુ જ તકલીફ પડી હતી. વાહનચાલકોને બમ્પ પણ દેખાયા હતા. જયારે વહેલી સવારે નોકરીએ જતા વાહનચાલકો બે ઘડી દિશા ભટકી ગયા હતા. વાહનો માર્ગ પરથી એકસાઈડ ઉતરી ગયા હતા. જયારે સ્કુલ વર્ધિએ જતા વાહનોએ પણ અત્યંત જોખમી સ્થિતિમાં વાહન ચલાવાની નોબત આવી હતી. આ સ્થિતિમાં અનેક વાહનચાલકો નાના મોટા અકસ્માતનો ભોગ બન્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## આજથી ઠંડી વધવાની આગાહી

ગાંધીનગર, તા. ૧૩

ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં ભારે બરફ વર્ષા થઈ રહી છે. જેના પરિણામે એકાએક જ પારો ૪ થી ૫ ડિગ્રી ગગડશે. ગઈકાલે શહેરના કેટલાક વિસ્તારોમાં માવઠુ પણ પડ્યુ હતુ. જેની પણ ઠંડીની અસર વધી હતી.

ગાંધીનગરમાં બે-ત્રણ દિવસથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. હજુ આગામી દિવોસમાં વધુ ઠંડી પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. રીજીયોનલ હવામાન કચેરીએ જણાવ્યુ છે કે આગામી બે-ત્રણ દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ભારે ગીરાવટ આવવાની સંભાવના છે.

# શહેરમાં ૮૦ જગ્યાઓ અકસ્માત ઝોન સમાન

**સર્વેના અંતે પણ કોઇ પગલા લેવાતા નથી : ટ્રાફિક પોલીસે અગાઉ સર્વે કરી પાટનગર યોજના ભવનને ક્રોસ રસ્તાઓ બંધ કરવા સહીત બમ્પ, સાઇન બોર્ડ સહીતની એસેસરિઝની વ્યવસ્થા કરવા પણ ભલામણ કરી હતી**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર ટ્રાફિક પોલીસે અગાઉ શહેરમાં વિવિધ ૮૦ જગ્યાઓ માર્ગ અકસ્માતની દ્રષ્ટીએ જોખમી હોવાની યાદી તૈયાર કરી હતી. જયારે આ યાદી પાટનગર યોજના ભવનને સુપ્રત કરી બમ્પ, સાઈન બોર્ડસ મુકવા સહીત ક્રોસ રસ્તાઓ બંધ કરવા માટે પણ ભલામણ કરી હતી. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ આયોજન થયુ નથી. જેના લીધે રોજબરોજ આમ નાગરિકો અકસ્માતમાં જાન ગુમાવી રહ્યા છે. શહેરમાં પૈડા પરની જિન્દગી જોખમી બનતી જાય છે.

ગાંધીનગર ટ્રાફિક પોલીસે શહેરમાં ૮૦ જેટલા પોઈન્ટ અકસ્માત ઝોન તરીકે દર્શાવ્યા હતા. પરંતુ હજુ સુધી આ મામલે કાંઇ થયુ નથી. શહેરના ખુલ્લા અને પહોળા માર્ગ પર અકસ્માતોના સિલસીલો જારી છે. શહેરના માર્ગો પર બેફામ જતા વાહનોની ટક્કરે નિર્દોષ નાગરિકો મોતને ભેટી રહ્યા છે. ગતિ નિયંત્રણની વાતનો હજુ અમલ થતો નથી જયારે નગરનુ રોડ નેટવર્ક પણ માર્ગ સલાતમીની દ્રષ્ટીએ જોખમી છે. શહેરના માર્ગો પર સ્થિત ક્રોસ રસ્તાઓ પર જાનલેવા અકસ્માત સર્જાય છે. આંખના પલકારામાં રસ્તે જતા વાહનચાલકો મોતને ભેટે તેવી સ્થિતિ છે. શહેરમાં માર્ગ સલાતમીના પરિબળોને મજબુત કરવા માટે માત્ર ટ્રાફિક નિયમનની કામ ચાલે તેમ નથી. પરંતુ શહેરના માર્ગો પર વર્ષોથી અકસ્માતની દ્રષ્ટીએ જોખમી પોઈન્ટ ધ્યાને આવ્યા છે. જયારે આ જગ્યાઓ પર બમ્પ , સાઈન બોર્ડ તેમજ એસેસરિઝની વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. પોલીસ તંત્ર દ્વારા અગાઉ નિયત થયેલા આ ૮૦ જેટલી જગ્યાઓ અકસ્માત ઝોન તરીકે ઉભરી આવ્યા બાદ પણ વર્ષોના અંતે આ સ્થિતિ યથાવત છે. શહેરના માર્ગો પર રોજબરોજ અકસ્માતો સર્જાય છે. જયારે વધતા વાહનોની સંખ્યા સાથે માર્ગ અકસ્માતોની સંખ્યા પણ વધી છે. શહેરના મુખ્યમાર્ગો પર બેફામ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત નોંતરે છે. ક્રોસ રસ્તાઓ પર અકસ્માતનુ પ્રમાણ વધ્યુ છે. શહેરના મુખ્યમાર્ગો પર તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર ક્રોસ રસ્તા પરથી પસાર થતા વાહનો અકસ્માતનો ભોગ બને છે.

**શહેરમાં રોજબરોજ થતા જીવલેણ અકસ્માતથી રોડ સેફટીના નામે મીંડુ**

● અનુસંધાન પાન-૭ પર

## ખેલ મહાકુંભના વિજેતાઓને આજે પ્રમાણપત્રો એનાયત કરાશે

**જિલ્લાના ૫૭૦૦ વિજેતા રમતવીરોને ૧ કરોડ ૮૦ હજારથી વધુના રોકડ પુરસ્કારો તેમના ખાતામાં જમા અપાયા : શહેરના ૨૭૦૦ અને ગ્રામ્યના ૩ હજાર વિજેતાઓ આજે હાજર રહેશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભની ૨૨ થી વધુ રમતોમાં વિજેતા થયેલા ૫૭૦૦ રમતવીરોને આજે રાજ્યના મહેસુલમંત્રી અને જિલ્લાના પ્રભારી કૌશિકભાઈ પટેલના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે.

કોબા પ્રેક્ષા ભારતી ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ તેમજ મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી (ચારણ) ઉપસ્થિત રહેનાર છે. જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૬ જેટલી ટીમ રમતો અને ૬

● અનુસંધાન પાન-૭ પર

# સેવન સ્ટાર રેટીંગ અને એસબીએમ વૉટર પ્લસ શહેર જાહેર કરવાની દરખાસ્તો મંજૂર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિમાં વિકાસ કામોની વિગતો વહીવટીતંત્રએ સમય ઓછો મળ્યો હોવાનું કારણ આગળ ધરી અને વિગતો રજુ કરવાનું ટાળ્યુ હતુ.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળેલ આ બેઠકમાં જોકે કમિશનરશ્રી તરફથી આવેલ બન્ને દરખાસ્તોને સમિતિએ મંજૂરીની મહોર લગાવી આ અંગેની આગળની કાર્યવાહી કરવા કમિશનરશ્રીને સૂચવ્યુ છે.

આજે મળેલ સ્થાયી સમિતિએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વૉટર પ્લસનો દરજ્જો આપવા તેમજ સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૦ અંતર્ગત ગાર્બેજ ફ્રી સીટી સ્ટાર રેટીંગ અંતર્ગત ૭ સ્ટાર રેટીંગ જાહેર કરવા માટેની રજુઆતો કરવા માટે કમિશનરને સત્તા આપી આ બન્ને પ્રસ્તાવો પસાર કર્યા છે.

**વિકાસ કામોની વિગતો સમય ઓછો પડ્યો હોવાનુ બ્હાનુ આગળ ધરી વહીવટીતંત્રએ સ્થાયી સમિતિને રજુ કરવાનું ટાળ્યુ**

સ્થાયી સમિતિની આ માટે મંજૂરી હોવી જરૂરી હોવાથી વિના વિલંબે આ બન્ને દરખાસ્તોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ઓ.ડી.એફ. જાહેર થયેલ મહાનગરમાં આજે પણ કેટલાક સેક્ટરો અને કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

## શહેરી ગામોમાં ઓવરહેડ ટાંકીને અનુલક્ષી પમ્પીંગ મશીનરીનુ કામ હાથ ધરાશે

**પાલજ, બાસણ, બોરીજ સહીતના ગામોમાં એક કરોડના ખર્ચે પમ્પીંગ મશીનરી ફીટ કરાશે**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યાને ડામવા માટે નવો બોર ઓવરહેડ ટાંકી તેમજ સંપ બનાવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે હાલ આ સંપને ચાલુ કરવા માટે પમ્પીંગ મશીનરી ફીટ કરવા માટે કામગીરી હાથ ધરવાનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. પાલજ ,બાસણ ,બોરીજ ગામમાં પમ્પીંગ મશીનરીનુ કામ હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે.જેના અંતે ઓવરહેડ ટાંકીમાંથી પાણીનો સપ્લાય શરૂ થઈ શકશે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણીની સમસ્યા જટીલ બની છે. ગામોની ટોપોગ્રાફી પણ આ સમસ્યા પાછળ

● અનુસંધાન પાન-૭ પર

# મહેસુલી કર્મચારીઓનું આંદોલન આગામી સપ્તાહથી આક્રમક બનશે

**જિલ્લાઓના વહીવટીતંત્રમાં આવેલી સ્થગિતતા : સેવાઓ કથળી**

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યના મહેસુલી કર્મચારી મહામંડળનું આંદોલન ચાલુ રહેવા પામ્યુ છે અને આગામી સપ્તાહમાં વધુ આક્રમક કાર્યક્રમો સાથે આંદોલન આગળ ધપાવવામાં આવશે.

ગઈકાલે મહામંડળના આગેવાનો સાથે તંત્રના અધિકારીઓએ પ્રાથમિક ચર્ચાઓ કરી હતી આ પછી આજે પણ ચર્ચાઓ હાથ ધરાઈ હતી પરંતુ તે ફળદાયી રહી નથી. ગઈકાલે મહારેલીની સફળતા પછી આંદોલન પણ વેગીલુ બનાવવાનો નિર્ણય મહામંડળના હોદ્દેદારો દ્વારા લેવામાં આવ્યો હોવાનુ જાણવા મળેલ છે. આજે પણ મહેસુલી કર્મચારીઓએ ધરણા ચાલુ રાખ્યા હતા. આંદોલનને કારણે રાજ્યના તમામ જિલ્લાઓમાં તેની ઘેરી અસરો હવે જોવા મળી રહી છે. મહેસુલી સેવાઓ વિના લોકો પણ હવે ધક્કા ખાતા થઈ ગયા છે ખાસ કરીને જનસેવા કેન્દ્રની સેવાઓ પર સૌથી વધુ વિપરીત અસરો થઈ છે. આ ઉપરાંત બિનખેતી, ગણોતના કેસો, હક્ક ચોકસી સહિત અન્ય સેવાઓ પર પણ વિપરીત અસરો જોવા મળી રહી છે.કેટલાક જિલ્લામાં મહેસુલી તલાટીઓ દ્વારા કાર્યભાર સંભાળવામાં આવ્યો છે પણ તેમાં ઘણી બધી જગ્યાઓ ખાલી પડેલી છે એટલે તંત્રની કામગીરી ચાલી જ રહી નથી એટલુ જ નહિ પણ વહીવટીય કામગીરી પણ લગભગ જિલ્લા કલેક્ટરેટમાં સ્થગિત થઈ જવા પામી છે.

સોમવારે મહામંડળ અને સરકાર વચ્ચે વાતચીતો આગળ વધે તેવા સંકેતો મોડી રાત્રે મળ્યા છે.

# બ્લેક ફ્રાઈડે શહેરમાં ૧૨ કલાકમાં બે જીવલેણ અકસ્માત

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં પૈંડા પરની જીંદગી આમ પણ જોખમી બની છે, બીજીતરફ નગરનું રોડ નેટવર્ક પણ માર્ગ સલામતી માટે સાનુકુળ ન હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. શહેરમાં આજે દિવસ દરમિયાન માર્ગ અકસ્માતના બે બનાવમાં નગરના એક શિક્ષિકા અને એક ૬૦ વર્ષિય વ્યકિતનું કરૂણ મૃત્યુ નિપજયું છે. વાવોલના શિક્ષિકા બહેન તેમનું જ્યુપીટર લઈને આજે શાળાએ જઈ રહ્યા હતા તે દરમિયાન ક માર્ગ પર જયુપીટર સ્લીપ ખાઈ જતા તેઓ નીચે પટકાયા હતા. તે સમયે પાછળથી આવી રહેલી ધસમસતી ટ્રકના પૈંડા તેમની પર ફરી વળ્યા હતા. જેને પગલે તેમનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. જયારે બીજા બનાવમાં જિલ્લા પંચાયત પાસે ઈકો કારની ટક્કરે મોપેડની પાછળ બેઠેલા એક વડીલનું પણ ગંભીર ઈજાને પગલે મોત થયુ હતું. બનાવ અંગે સેકટર-૨૧ અને સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સરગાસણ સ્વાગત ફલેમીંગો ખાતે હોટલ ચલાવતા અને વાવોલ દ્રારકેશ રેસીડેન્સી એફ-૩૦૨ ખાતે રહેતા રણજીતસિંહ પ્રકાશસિંહ ચૌહાણની ફરીયાદ મુજબ તેમના પત્ની શહેરની સેકટર-૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતે આવેલી એમ.બી.પટેલ અંગ્રેજી માધ્યમમાં સાધના ચૌહાણ (ઉં.વ.૩૯)શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. આજે સવારના ૭.૧૫ કલાકે તેઓ ઘરેથી જયુપીટર નં. જી.જે.૧૮.ડી.એ.૮૩૭૮ લઈને નોકરી જવા માટે નીકળ્યા હતા. ત્યારે વાવોલથી ગોકુળપુરા માર્ગ પર ગોગા મહારાજના મંદિર પાસે અચાનક સાધના બેનનું જયુપીટર સ્લીપ થઈ ગયું હતું. જેથી તેઓ નીચે માર્ગ પર પટકાયા હતા, તે સમય દરમિયાન પાછળ આવી રહેલી આઈસર નં.જી.જે.૦૬. એ.યુ.-૨૭૩૯ ના પૈંડા શિક્ષિકા પર ફરી વળતા ઘટના સ્થળે જ તેમનું મૃત્યું નિપજયું હતું. સવારના સમયે અકસ્માત સર્જાતા નાગરીકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. જયારે અકસ્માતને પગલે માર્ગ પર ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા. જયારે આ માર્ગ પર અનેક નાના મોટા અકસ્માત સર્જાય છે જેને પગલે સ્થાનિક નાગરીકોમાં પણ રોષ જોવા મળ્યો હતો.

**ગોકુળપુરા પાસે આઈસર ટ્રક ફરી વળતા શિક્ષિકાનું મૃત્યુ, તો જિલ્લા પંચાયત કટ પાસે ઈકોની ટક્કરે વડીલનું મૃત્યુ**

જયારે બીજા બનાવમાં આજે બપોરના ૧૨ વાગ્યાના અરસામાં જિલ્લા પંચાયત કટ પાસે સ્કુટી પર માણસા તાલુકા પંચાયત કચેરી ખાતે આંકડા મદદનીશ તરીકે ફરજ બજાવતા અને સેકટર-૨૭ શિવમ સોસાયટી પ્લોટ નં. ૧૨૯૦ ખાતે રહેતા ઉમેશભાઈ રમણલાલ પ્રજાપતિ પોતાના પરિચીત ગાંધીનગર નજીક તારાપુર ગામના અમરતભાઈ પ્રજાપતિને સ્કુટી પાછળ બેસાડીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા તરફ જઈ રહ્યા હતા. તે સમયે પાછળ ઈકો કારના ચાલકે અચાનક જોરદાર ટક્કર મારતા સ્કુટી પરથી બંન્ને જણા નીચે પટકાયા હતા.જયારે ઈકો કારનો ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં માર્ગ પર નીચે પટકાતા અમરતભાઈને સારવાર માટે લઈ ગયા હતા જયા તેમનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. જયારે ઉમેશભાઈને શરીરે ઈજાઓ પહોચી હતી.


સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા) N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com